આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:–૨૫-૦૩-૨૦૨૪ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

# ચુંટણીપંચ-પર્યાવરણીય ચુંટણીઓ

ચૂંટણી પંચ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પર્યાવરણીય રીતે ટકાઉ ચૂંટણીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને મતદાર યાદી અને ચૂંટણી સામગ્રી માટે કાગળનો ઉપયોગ ઓછો કરવા માટે નિર્દેશો જારી કર્યા છે અને ઈ-બુક્સ અને ઈ-ડોક્યુમેન્ટ્સના ઉપયોગ પર ભાર મૂક્યો છે. આ સાથે ડબલ-સાઇડ પ્રિન્ટિંગ અને લેઆઉટ ઑપ્ટિમાઇઝેશનની ખાતરી કરવા પણ જણાવ્યું છે.

પંચે મતદાન દરમિયાન ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર અપનાવવા નિર્દેશો જારી કર્યા છે. અને પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને ઇકો-ફ્રેન્ડલી ચૂંટણીઓ માટે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન અલગ કલેક્શન ડબ્બાઓ અને યોગ્ય સાઇનેજની ખાતરી કરવા જણાવ્યું છે. દરેક પ્રકારના કચરા માટે પર્યાપ્ત નિકાલની સુવિધા સુનિશ્ચિત કરવી, વાહનવ્યવહાર માટે ઇકો-ફ્રેન્ડલી વાહનોનો ઉપયોગ તેમજ મતદાન દરમિયાન કારપૂલિંગ અને જાહેર પરિવહનને પ્રોત્સાહિત કરવા પણ જણાવાયું છે. પ્રચાર કાર્યક્રમો માટે પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરવા રાજકીય પક્ષોને નિર્દેશો આપવામાં આવ્યા છે.

**(RNU અમદાવાદ)**

---

## ટીબી રસીની ક્લિનીકલ ટ્રાયલ

સ્વદેશીદવા બનાવતી કંપની ભારત બાયોટેક ઇન્ટરનેશનલ લિમિટેડે પુખ્ત વયના લોકો પર ટીબી રસી – એમટીબી વેક્સિન ની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે. ભારત બાયોટેકના જણાવ્યા અનુસાર, આ પ્રથમટીબી રસી છે જે સ્પેનિશ દવા ઉત્પાદક કંપની ની-બાયોફેબ્રિ દ્વારા તૈયાર કરવામાં આવીછે.

આ ટ્રાયલ ભારત બાયોટેક દ્વારા Biofabrl સાથે હાથ ધરવામાં આવી રહ્યું છે પરીક્ષણના પ્રથમ તબક્કામાં, આ રસી પુખ્ત વયના લોકો માટે આપવામાં આવી હતી જેઓ એચઆઈવીથી સંક્રમિત નથી. બીજા તબક્કામાં, આ રસી એચઆઈવીથી પીડિત વયસ્કોને આપવામાં આવી રહી છે. આ ટ્રાયલનો હેતુ એ નક્કી કરવાનો છે કે રસી લોકો માટે સલામત છે કે નહીં. કંપનીએ આશા વ્યક્ત કરી છે કે MTB Vac રસી એક મહત્વપૂર્ણ સિદ્ધિ સાબિત થશે..

**(RNU અમદાવાદ)**

---

## મહાકાલેશ્વર મંદિર-આગ

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં આજે સવારે આગ લાગી હતી. આ ઘટના ભસ્મ આરતી દરમિયાન બની હતી. આ ઘટનામાં પૂજારી સહિત 14 લોકો ઘાયલ થયાના સમાચાર છે. ઘાયલોને ઈન્દોર અને ઉજ્જૈનની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઉજ્જૈનના કલેક્ટર નીરજ સિંહે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

**(Newsonair)**

---

RNU BHUJ

# ઈસરો-ચંદ્રયાન-શિવ શક્તિ પોઈન્ટ

ઈસરોએ ગયા વર્ષ-23 ઓગષ્ટના ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-3નું સફળ લેન્ડીંગ કરાવીને ઈતિહાસ રચીને ભારત પ્રથમ દેશ બની રહ્યો હતો. અને સમગ્ર વિશ્વમાંથી ભારતીય વિજ્ઞાનીઓને શુભેચ્છા સંદેશ મળ્યા હતા.ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમી યુનિયને ચંદ્રયાન-૩ એ જયા લેન્ડીંગ કર્યુ હતું તેને શિવ શક્તિ પોઈન્ટ નામને મંજુરી આપી દીધી છે. સત્તાવાર રીતે હવે સ્થાન વિશ્વભરમાં શિવ શક્તિ પોઈન્ટ તરીકે ઓળખાશે.

**(NP/આરતી ભટ્ટ)**

---

# ધુળેટીની ઉજવણી

રંગ અને ગુલાલનાં ધુળેટી પર્વની આજે જિલ્લામાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરો અને ગામોમાં લોકોએ એકબીજાને ઘેર જઈ રંગોત્સવ માણ્યો હતો. જાહેર માર્ગો પર લોકોએ રંગ ઉડાડી પર્વની ઉજવણી કરી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં ફૂલ ડોલ ઉત્સવ ઊજવ્યો હતો.

અંજારમાં ધુળેટીનાં પર્વ પ્રસંગે રાજા શાહીના સમયથી ઇશાક ચંદ્રનાં લગ્ન પરંપરાગત ઉજવણી આજે પણ યથાવત રહી છે. ધુળેટીનાં દિને શહેરીજનોની ઉપસ્થિતિમાં સપ્તપદીનાં ફેરા ફરી ઇશાક ચંદ્ર ઈશા કડી સાથે લગ્ન ગ્રંથીથી જોડાય છે અને ફરી આવતા વરસે લગ્ન માટે તૈયાર થઈ જાય છે. લગ્નની જાનમાં અંગ કસરતનાં દાવ દાંડિયા રાસ વિગેરે કાર્યક્રમો યોજાય છે. આ અનોખી લગ્ન પ્રથા 263 વર્ષથી ચાલતી આવી હોવાનું જાણકારોએ જણાવ્યું હતું.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## જિલ્લામાં તાપમાન

સમગ્ર કચ્છમાં હાલ ઉનાળાની અસર વર્તાઈ રહી છે.જિલ્લામાં છેલ્લા એક પખવાડીયાથી મહત્તમ અને લઘુત્તમ તાપમાન ઉંચકાતા અને પવનની ઝડપ ઘટતા દિવસ અને રાત્રીના પણ લોકો ગરમીનો સામનો કરી રહ્યા છે.જિલ્લા મથક ભુજનું મહત્તમ તાપમાન 39.8 ડીગ્રી નજીક પહોંચી ગયુ છે. નલિયા મહત્તમ 32.2,કંડલા પોર્ટ મહત્તમ 32.7 ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

**(NP/આરતી ભદ્દ)**

---

RNU BHUJ